- ધોરણ-૬-આલા લીલા વાન્સળિયા- લોકગીત સન્ગ્રહ
- ધોરણ-૭-માલમ મોટા હલેસા તુ માર- લોકગીત અન્ક બનાવો

**સંકલન : પુરણ એ.ગોંડલિયા**

# લોકગીત

## ❖ લોકગીત એટલે શું?

લોકગીત ગુજરાતની સંસ્કૃતિનુ એક પ્રણબળ પાસું છે. નવી પ્રજાને કદાચ ખબર ન હોય તો જણાવું કે..લોક ગીતના કોઇ નામ ધારી કવિ ન હોય એતો પ્રજાના હ્દયમાથી પ્રકટે કંઠમા ઉછરે અને એક કંઠમાથી બીજા કંઠમા અને એક કાનમાંથી બીજા કાનમા વહેતૂ થાય તેનુ નામ લોકગીત…..

આમજોવા જઇયે તો સંગીતની કોઈ ભાષા નથી હોતી,પરનંતુ…ગુજરાતી ભાષામાં લોક સંગીત નજરઅંદાઝ કરવા જેવુ નથી.આપણા લોકસંગીતમા એવી રચનાઓ છે જે કાવયતવથી સભર હોય એને ગેયેતાને નામે લયને નામે એમા મરોડ ન હોય …છતા લયબઘ હોય એક સાંભળીયે તો બીજુ સાંભળવાની ભુખ જાગે,ગીત ભલે દેશભકિતીનું હોય કે પ્રભુભકિતીનું, પ્રમનુ હોય કે વિરહનું ,ભજન હોય કે દુહા–છદં હોય કે રાસ–ગરસબા હોય..પણતે દરેકની એક આગવી વિશેષતા હોય છે.અને તેથી જ લોકસંગીત હમેશા ગાયક અને શ્રોતાઓના આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે

ગુજરાતી લોકસંગીત માત્ર સાહિતિયક વારસો નથી ,પણ સાંસકૃતિક વારસો પણ છે.સહજ રીતે અભિવયકત થયેલા અને સરળતાથી હ્દયમાં સોંસરવા ઉતરી જતા ગીતો એટલે લોકગીત…વિવિઘ પ્રકારના ગીતોનો રસથાળ એટલે લોકસંગીત..પ્રભાતિયા ,ભજન,ભકિતીગીત, પ્રેમનુ ગીત કે પછી શુરવિરતાનુ ,દેશપ્રમનુ કે વિરહનુ, બધી જ ભાવના ઓનો આસવાદ ,ટુકમાં કહું તો લોકકંઠે વહેતી વાણીના સપદનં એટલે લોકસંગીત.

# સુંદર પ્રાસંગિક લોકગીતો

## કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઈની બેની લાડકી ને ભાઈલો ઝુલાવે ડાળખી…

લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય,
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીંલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે.
કોણ હલાવે…

એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો.
કોણ હલાવે…

આજ હીંચોડુ બેનડી તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેની નો હીંચકો ડોલે.

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઈની બેની લાડકી ને ભઈલો ઝુલાવે, બેનડી જુલે, ભાઈલો ઝુલાવે ડાળખી.

# આજનો ચાંદલિયો

આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલો,
કહી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો…

તારા રે નામનો છેડ્યો એક તારો,
હું તારી મીરાં તું ગિરધર મારો…
આજ મારે પીવો છે પ્રીતિનો પ્યાલો,
કહી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો…

આપણે બે અણજાણ્યા પરદેશી પંખી,
આજ મળ્યા જુગ જુગનો સથવારો ઝંખી;
જોજે વિખાય નહીં શમણાનો માળો,
કહી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો…

દો રંગી દુનિયાની કેડી કાંટાળી,
વસમી છે વાટ કેમ ચાલુ સંભાળી?!
લાગે ના ઠોકર જો હાથ તમે ઝાલો,
કહી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો…

આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલો,
કહી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો…

# 1. લીલુડા વાંસની વાંસળી રે....
## વરના રાજવીઠાઠનું લોકગીત]

લીલુડા વાંસની વાંસળી રે,
આડા મારગે વાગતી જાય;
નગરીના લોકે પૂછિયું રે,
કોણ રાણો પરણવા જાય ?
છેય રાણો છેય રાજવી રે,
મારા કનુભઈ પરણવા જાય.
સોએ ઘોડા બસો હાથીડા રે,
મારી જાનનો રંગ ના જાય !
જાનૈયા ઉતારો ઓરડે રે,
મારી જાનડીઓ પરસાળ;
ઘોડા ઉતારો ઘોડારમાં રે,
હાથીડા બાંધો દરબાર.
ઘોડાને નીરો ચેમડું રે,
મારા હાથીડાને નાગરવેલ.
જાનૈયાને જમાડો લાડુ–લાપશી રે,
મારી જાનડીઓને છૂટો કંસાર.
લીલુડા વાંસની વાંસળી રે,
આડા મારગે વાગતી જાય.

(નીરો = ખાવા નાખવું. ચેમડું = લીલા જુવારનું ઘાસ.)

# [2. કન્યાવિદાય ગીત-1]

લાલ લાલ ચૂંદડી રંગાવ મારી માડી
સોનાનું કંકણ ઘડાવ રે.
ઘેરદાર ઘાઘરો મંગાવ મારી માડી
સેંથે સિંદૂર ભરાવ રે !
બારણિયે ઊભા મારો સસરાજી
હસીહસી દીકરી વળાવ રે.
જેમ જંગલનાં પંખી રે માડી
વહાણું વાતાં ઊડી જાય રે;
તેમ પરાઈ થઈ દીકરી
દેશ પરાયે જાય રે !
નાનો વીરો મારો રોકે રે પાલખી
આંસુનાં ઝરણાં વહાવી રે;
બાપુને ધીરજ ધરાવ મારા વીરા
જેણે મને કીધી પરાઈ રે !

## [3. કન્યાવિદાય-2... લેખ તારા લઈ ગયા રે લોલ.]

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી ગયાં રે લોલ
બગલાં ઊડી ગ્યાં પરદેહ, કે પગલાં પડી રીઆં એ લોલ.

દાદા મારા, એક જોયો પરદેહ, કે દીકરી દઈ દીધાં રે લોલ.
ઘેડી મારી, હવે નો કરીએ વશાર્ય, કે લેખ તારા લઈ ગયા રે લોલ.

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી ગયાં રે લોલ.
બગલાં ઊડી ગ્યાં પરદેહ, કે પગલાં પડી રીઆં રે લોલ.

કાકા મારા, એક જોયો પરદેહ, કે દીકરી દઈ દીધાં રે લોલ.
ભતરીજ, હવે નો કરીએ વશાર્ય, કે લેખ તારા લઈ ગયા રે લોલ.

આંગણે આસોપાલવનાં ઝાડ, કે બગલાં બેસી ગયાં રે લોલ.
બગલાં ઊડી ગ્યાં પરદેહ, કે પગલાં પડી રીઆં રે લોલ.

## [4. આજ રે સપનામાં... કુટુંબની ભવ્યતા દર્શાવતું લોકગીત]

આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,
ખળખળતી નદીઉં રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મેં ઘમ્મર વલોણું દીઠું જો.
દહીં દૂધના વાટકા રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મેં તો લવિંગ લાકડી દીઠી જો,
ઢીંગલા ને પોતિયાં રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મેં તો જટાળો જોગી દીઠો જો,
સોનાની થાળી રે સાહેલી મારા સપનમાં રે.

આજ રે સપનામાં મેં તો પારસ પીપળો દીઠો જો,
તુલસીનો ક્યારો રે સાહેલી મારા સપનામાં રે.

આજ રે સપનામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો,
ફૂલડિયાંની ફોર્યું રે સાહેલી મારા સપનમાં રે.

ડોલતો ડુંગર ઈ તો અમારો સસરો જો,
ખળખળતી નદીએ રે સાસુજી મારાં નાતાં'તાં રે.

ઘમ્મર વલોણું ઈ તો અમારો જેઠ જો,
દહીં દૂધના વાટકા રે જેઠાણી મારાં જમતાં'તાં રે.

લવિંગ લાકડી ઈ તો અમારો દેર જો,
ઢીંગલે ને પોતિયે રે દેરાણી મારાં રમતાં'તાં રે.

જટાળો જોગી ઈ તો અમારો નણદોઈ જો,
સોનાની થાળીએ રે નણંદી મારાં ખાતાં'તાં રે.

પારસ પીપળો ઈ તો અમારો ગોર જો,
તુલસીનો ક્યારો રે ગોરાણી મારાં પૂજતાં'તાં રે.

ગુલાબી ગોટો ઈ તો અમારો પરણ્યો જો,
ફૂલડિયોની ફોર્યું સાહેલી મારી ચૂંદડીમાં રે.

# [5. પટેલને ત્યાં પાપડ વણવા.... હળવું લોકગીત]

પટેલને ત્યાં પાપડ વણવા ગ્યાં' તાં મા ! ગ્યાં'તાં મા !
એક પાપડ ચોર્યો મા ! ચોર્યો મા !
ઘંટી હેઠળ ઘાલ્યો મા ! ઘાલ્યો મા !
રોટલા ઘડતાં શેક્યો મા ! શેક્યો મા !
ભેંસ દોતાં ખાધો મા ! ખાધો મા !
ડોહે કડાકો સાંભળ્યો મા ! સાંભળ્યો મા !
ડોહે ડાંગ લીધી મા ! લીધી મા !
એક ડાંગ વાગી મા ! વાગી મા !
ભસ્કા કેડ ભાંગી મા ! કે સાજી મા !

# ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં
હે લહેરીડા, હરણુ આથમી રે હાલાર શે'રમાં અરજણિયા.

ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ, ઝાંપે તારી ઝૂંપડી
ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ, ઝાંપે તારી ઝૂંપડી
હે લહેરીડા, આવતા જાતાનો નેડો લાગ્યો રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

ગાયું તારી ગોંદરે ઘાયલ, ગાયું તારી ગોંદરે
ગાયું તારી ગોંદરે ઘાયલ, ગાયું તારી ગોંદરે
હે લહેરીડા, વાછરું વઢિયારમાં ઝોલાં ખાય રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

ભેંસું તારી ભાલમાં ઘાયલ, ભેંસું તારી ભાલમાં
ભેંસું તારી ભાલમાં ઘાયલ, ભેંસું તારી ભાલમાં
હે લહેરીડા, પાડરું પાંચાલમાં ઝોલાં ખાય રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

પાવો તું વગાડમા ઘાયલ, પાવો તું વગાડમા
પાવો તું વગાડમા ઘાયલ, પાવો તું વગાડમા
હે લહેરીડા, પાવો સાંભળીને પ્રાણ વિંધાય રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં...

તારે ને મારે ઠીક છે ઘાયલ, તારે ને મારે ઠીક છે
તારે ને મારે ઠીક છે ઘાયલ, તારે ને મારે ઠીક છે

હે લહેરીડા, ઠીકને ઠેકાણે વેલેરો આવ રે અરજણિયા
ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં

## હું તો કાગળિયાં લખી લખી થાકી

હું તો કાગળિયાં લખી લખી થાકી,
કાનુડા તારા મનમાં નથી.

આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા કાળજડાં ઠરી ઠરી જાય રે,
પાતળીયા તારા મનમાં નથી….. હું તો…..

આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારા પાવનિયાં બળી બળી જાય રે,
છોગાળા તારા મનમાં નથી….. હું તો…..

આવા ચોમાસાનાં ચાર ચાર મહિના આવ્યા,
મારી ચૂંદલડી ભીંજાઇ ભીંજાઇ જાય રે,
કાનુડા તારા મનમાં નથી.

હું તો કાગળિયાં લખી લખી થાકી,
કાનુડા તારા મનમાં નથી.

# મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે,
મારાં હૈડાં હારોહાર, મારાં દલડે લેરાલેર જાય,
જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે…..મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારે કમખે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી ચુંદડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે…મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

મારા કડલે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી કાંબીયું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે,
મોર ક્યાં બોલે…મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે.

# સોના વાટકડી

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં, વાલમિયા,

લીલો છે રગનો છોડ,રંગમાં રોળ્યાં, વાલમિયા.

પગ પરમાણે[1] કડલાં સોઇં[2] રે, વાલમિયા,

કાંબિયુંની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

કેડ પરમાણે ઘાઘરો સોઈં રે, વાલમિયા,

ઓઢણીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

હાથ પરમાણે ચૂડલા સોઈં રે, વાલમિયા,

ગૂજરીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

ડોક પરમાણે ઝરમર સોઈં રે, વાલમિયા,

તુળસીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

કાન પરમાણે ઠોળિયાં સોઈં રે, વાલમિયા,

વાળિયુંની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

નાક પરમાણે નથડી સોઈં રે, વાલમિયા,

ટીલડીની બબ્બે મારે જોડ્ય,રંગમાં રોળ્યાં, વાલમિયા.

# લવિંગ કેરી લાકડીએ

લવિંગ કેરી લાકડિએ રામે સીતાને માર્યાં જો!
ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો !

રામ ! તમારે બોલડિયે હું પરઘેર બેસવા જઈશ જો !
તમે જશો જો પરઘેર બેસવા, હું વાતુડિયો થઈશ જો !

રામ ! તમારે બોલડિયે હું પરઘેર દળવા જઈશ જો !
તમે જશો જો પરઘેર દળવા હું ઘંટુલો થઈશ જો !

રામ ! તમારે બોલડિયે હું પરઘેર ખાંડવા જઈશ જો !
તમે જશો જો પરઘેર ખાંડવા હું સાંબેલું થઈશ જો !

રામ ! તમારે બોલડિયે હું જળમાં માછલી થઈશ જો !
તમે થશો જો જળમાં માછલી હું જળમોજું થઈશ જો !

રામ ! તમારે બોલડિયે હું આકાશવીજળી થઈશ જો !
તમે થશો જો આકાશવીજળી હું મેહુલિયો થઈશ જો !

રામ ! તમારે બોલડિયે હું બળીને ઢગલી થઈશ જો !
તમે થશો જો બળીને ઢગલી હું ભભૂતિયો થઈશ જો !

# મોરબીની વાણિયણ

કૂવા કાંઠે ઠીકરી જેમ ઘસી ઊજળી થાય
મોરબીની વાણિયણ મચ્છુ પાણી જાય

આગળ રે મોરબીની વાણિયણ
પાછળ રે મોરબીના રાજા ઘોડાં પાવા જાય

એ… કહે રે વાણિયાણી તારા બેડલાંના મૂલ
હે તારા બેડલાંના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારે રે બેડલિયે તારા ઘોડલાં ડૂલ

એ… કહે રે વાણિયાણી તારી ઈંઢોણીના મૂલ
હે તારી ઈંઢોણીના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારી રે ઈંઢોણીમાં તારા હાથીડાં ડૂલ

એ… કહે રે વાણિયાણી તારા અંબોડાના મૂલ
હે તારા અંબોડાના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારા રે અંબોડે તારા રાજ થાય ડૂલ

એ... કહે રે વાણિયાણી તારા પાનિયુંના મૂલ
હે તારી પાનિયુંના મૂલ

મને જાવા દ્યો જીવાજી ઠાકોર
રહેવા દ્યો ને મોરબીના રાજા
નથી કરવા મૂલ
મારી રે પાનિયુંમાં તારું માથું થાય ડૂલ

કૂવા કાંઠે ઠીકરી જેમ ઘસી ઊજળી થાય
મોરબીની વાણિયણ મચ્છુ પાણી જાય

# રંગ ડોલરિયો

એક ઝાડ માથે ઝૂમખડું,
ઝૂમખડે રાતાં ફૂલ રે,ભંવર રે રંગ ડોલરિયો.

એક ગોખ માથે ભાભલડી,ભાભીના રાતા રંગ રે... ભંવર.

એક બેન માથે ચૂંદલડી,ચૂંદલડીએ રાતી ભાત રે... ભંવર.

એક માંચી બેઠા સાસુજી,સાસુની રાતી આંખ રે... ભંવર.

એક ઓરડે ઊભા જેઠાણી,
એને સેંથે લાલ સિંદુર રે.. ભંવર.

એક મેડી માથે દેરાણી,
એના પગમાં રાતો રંગ રે... ભંવર.

એક ફળિયા વચ્ચે નણદલડી,
એનાં પગલાં લાલ હીંગોળ રે... ભંવર

એક ઢોલિયો પોઢ્યા પ્રીતમજી,
એના ઢોલિયાનો રંગ રાતો રે.... ભંવર

એક દરિયા કાંઠે સેજલડી,
સેજલડીએ રંગ હીંડોળ રે.... ભંવર.

# વગડાની વચ્ચે વાવડી

વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી
દાડમળી ના દાણા રાતા ચોળ , રાતા ચોળ સે
પગમા લક્કડ્ પાવડી ને , જરીયલ પેરી પાઘલડી
પાઘલડીના તાણા રાતાચોળ, રાતાચોળ સે…..વગડાની…..

આની કોર્ય પેલી કોર્ય, મોરલા બોલે , ઉત્તર દખ્ખણ ડુંગરા ડોલે,
ઇશાની વાયરો વિંજણું ઢોળે, ને વેરી મન મારું ચડ્યું ચકડોળે
નાનું અમથુ ખોરડું ને, ખોરડે જુલે છાબલડી
છાબલડીના બોરા રાતાચોળ, રાતાચોળ સે….વગડાની…..

ગામને પાદર રુમતા ને ઝુમતા નાગરવેલના રે વન સે રે
તીર્થ જેવો સસરો મારો, નટખટ નાની નંણદ સે રે
મૈયર વચ્ચે માવડી ને, સાસર વચ્ચે સાસલડી
સાસલડીના નયના રાતાચોળ, રાતાચોળ સે…..વગડાની…..

એક રે પારેવડું પિપળાની ડાળે બીજું રે પારેવડું સરોવર પાળે
રૂમઝુમ રૂમઝુમ જોડ્લી હાલે નેણલા પરોવી ને નેણલા ઢાળે
સોના જેવો કંથડો ને હું સોનાની વાટકળી
વાટકળી માં કંકુ રાતાચોળ, રાતાચોળ સે.

વગડાની વચ્ચે વાવડી ને વાવડીની વચ્ચે દાડમળી
દાડમળી ના દાણા રાતા ચોળ , રાતા ચોળ સે

પગમા લક્ડ્ પાવડી ને , જરીયલ પેરી પાઘલડી
પાઘલડી ના તાણા રાતા ચોળ, રાતા ચોળ સે.....વગડાની.....

## કાળજા કેરો કટકો મારો -- કવિ દાદ

કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગ્યો
મમતા રૂવે જેમ વેળુમા વીરડો ફૂટી ગ્યો

છબતો નહીં જેનો ધરતી ઉપર, પગ ત્યાં થીજી ગ્યો,
ડુંગરા જેવો ઉંબરો એણે માંડ રે ઓળંગ્યો

બાંધતી નહીં અંબોડલો બેની, ઇ મર ને છૂટી ગ્યો,
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગ્યો

આંબલીપીપળી ડાળ બોલાવે હે બેના એકવાર હામું જો
અરે ધૂબકા દેતી જે ધરામાં ઈ આરો અણહર્યો

ડગલે ડગલે મારગ એને સો સો ગાઉનો થ્યો
ધારથી હેઠી ઉતરી બેની મારો સૂરજ ડુબી ગ્યો

લૂંટાઈ ગ્યો મારો લાડખજાનો ‘દાદ’ હું જોતો રયો
જાન ગઈ જાણે જાન લઈ હું તો સૂનો માંડવડો

# દાદા હો દીકરી, દાદા હો દીકરી

દાદા હો દીકરી, દાદા હો દીકરી, વાગડમાં મ દેજો રે સૈ
વાગડની વઢીયારણ સાસુ દોહ્યલી રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

દીએ દળાવે મુને, દીએ દળાવે મુને, રાતલડીએ કંતાવે રે સૈ
પાછલે તે પરોઢીએ પાણી મોકલે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઓશીકે ઇંઢોણી વહુ, ઓશીકે ઇંઢોણી વહુ, પાંગતે સીંચણિયું રે સૈ
સામી તે ઓરડીએ, વહુ તારું બેડલું રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઘડો ન બુડે મારો, ઘડો ન બુડે, મારું સીંચણિયું નવ પૂગે રે સૈ
ઊગીને આથમિયો દી કૂવા કાંઠડે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

ઊડતા પંખીડા વીરા, ઊડતા પંખીડા વીરા, સંદેશો લઈ જાજો રે સૈ
દાદાને કહેજો કે દીકરી કૂવે પડે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કહેજો દાદાને રે, કહેજો દાદાને રે, મારી માડીને નવ કહેજો રે સૈ
માડી મારી આંસુ સારશે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કૂવે ન પડજો દીકરી, કૂવે ન પડજો દીકરી, અફીણિયાં નવ ઘોળજો રે સૈ
અંજવાળી તે આઠમનાં આણાં આવશે રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કાકાના કાબરિયા, કાકાના કાબરિયા, મારા મામાના મૂંઝડિયા રે સૈ
વીરાના વઢિયારા વાગડ ઊતર્યા રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

કાકાએ સીંચ્યું, કાકાએ સીંચ્યું ને મારા મામાએ ચડાવ્યું રે સૈ
વીરાએ આંગણ બેડું ફોડિયું રે, સૈયોં કે હમચી, સૈયોં કે હમચી
દાદા હો દીકરી, દાદા હો દીકરી

# ગુલાબી કેમ કરી જાશો

આભમાં ઝીણી ઝબૂકે વીજળી
ઝીણા ઝરમર વરસે મેહ
ગુલાબી કેમ કરી જાશો ચાકરી

ભીંજાય હાથી ને ભીંજાય ઘોડલાં રે
ભીંજાય હાથીને બેસતલ સૂબો
ગુલાબી કેમ કરી જાશો ચાકરી

ભીંજાય મેડી ને ભીંજાય માળિયાં રે
ભીંજાય મેડીની બેસતલ રાણી
ગુલાબી કેમ કરી જાશો ચાકરી

તમને વહાલી તમારી ચાકરી
અમને વહાલો તમારો જીવ
ગુલાબી નહિ જવા દઉં ચાકરી

# અચકો મચકો કાં રે લી

તમે કિયા તે ગામનાં ગોરી રાજ, અચકો મચકો કાં રે લી

અમે નવાનગરના ગોરી રાજ, અચકો મચકો કાં રે લી

તમે કિયા તે ગામથી આવ્યા રાજ, અચકો મચકો કાં રે લી

અમે પોરબંદરથી આવ્યા રાજ, અચકો મચકો કાં રે લી

તમે કેટલી તે બેન કુંવારી રાજ, અચકો મચકો કાં રે લી

અમે સાતે બેન કુંવારી રાજ, અચકો મચકો કાં રે લી

તમે કેટલા ભાઈ કુંવારા રાજ, અચકો મચકો કાં રે લી

અમે સાતે ભાઈ કુંવારા રાજ, અચકો મચકો કાં રે લી

તમને કઈ કન્યા ગમશે રાજ, અચકો મચકો કાં રે લી

અમને શામળી કન્યા ગમશે રાજ, અચકો મચકો કાં રે લી

એ કાળીને શું કરશો રાજ, અચકો મચકો કાં રે લી

એ કાળી ને કામણગારી રાજ, અચકો મચકો કાં રે લી
અમે નવાનગરની છોરી રાજ, અચકો મચકો કાં રે લી

# મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે
મારાં હૈડાં હારોહાર
મારાં દલડાં લેરાલેર
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

મારે કમખે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી ચુંદડી લેરાલેર
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

મારા કડલે બેઠો રે, મોર ક્યાં બોલે
મારી કાંબીયું લેરાલેર
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

મારે હારલે બેઠો રે, મોર ક્યાં બોલે,
મારાં હૈડાં હારોહાર
મારાં દલડાં લેરાલેર
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર ક્યાં બોલે
મારે ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલે

# હમ્બો હમ્બો વિંછૂડો

અરરર માડી રે! છાણાં વીણવા ગઈ' તી રે
મા વિંછૂડો,   હમ્બો હમ્બો વિંછૂડો

મને ટચલીએ ટચકાવ્યો રે વિંછૂડો
મા વિંછૂડો,   હમ્બો હમ્બો વિંછૂડો

મારા સસરાજીને તેડાવો રે
મા વિંછૂડો,   હમ્બો હમ્બો વિંછૂડો

મારા જેઠજીને તેડાવો રે
મા વિંછૂડો,   હમ્બો હમ્બો વિંછૂડો

મારા પરણ્યાને તેડાવો રે
મા વિંછૂડો,   હમ્બો હમ્બો વિંછૂડો

વિંછૂડાના ઝેર ઉતરાવો રે
મા વિંછૂડો,   હમ્બો હમ્બો વિંછૂડો

# વાદલડી વરસી રે

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

સાસરિયામાં મ્હાલવું રે

પિયરીયામાં છૂટથી રહ્યા

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

મારા પગ કેરાં કડલાં રે

વીરો મારો લેવા હાલ્યો

વીરા લઈને વેલો આવજે રે

હાહરિયા મારે ઘિરે બેઠા

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

મારા હાથ કેરી બંગડી રે

વીરો મારો લેવા હાલ્યો

વીરા લઈને વેલો આવજે રે

હાહરિયા મારે ઘિરે બેઠા

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

મારા નાક કેરી નથણી રે

વીરો મારો લેવા હાલ્યો

વીરા લઈને વેલો આવજે રે

માંડવિયા મારે ઘિરે બેઠા

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

મારી ડોક કેરો હારલો રે

વીરો મારો લેવા હાલ્યો

વીરા લઈને વેલો આવજે રે

માંડવિયા મારે ઘિરે બેઠા

હે વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

વાદલડી વરસે રે સરોવર છલી વળ્યાં

# સોનલાનું બેડલું  તારી રૂપાની ઈંઢોણી

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી

કોના તે ઘરના ભરીશ પાણી રાજ રાજવણ
કહે તો  ઉતારું તારું બેડલું હો જી
કહે તો ઓવારું મારું દલડું હો જી રે

જોઈને વિચારી મારગ રોકજે જુવાનડા
કાંઈ નથી તારે મારે નેડા રાજ રાજિયા
મેલી દે નીચો મારો છેડલો હો જી
છોડી દે નીચો મારો છેડલો હો જી રે

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી

તારે બેડલિયે ગોરી મન મારા મોહ્યાં
હૈયાના હીર મારા ખોયા રે રાજ રાજવણ
કહે તો  ઉતારું તારું બેડલું હો જી
કહે તો ઓવારું મારું દલડું હો જી રે

સોનલાનું બેડલું મારી રૂપાની ઈંઢોણી

મારે રે બેડલિયે રાજ રાજિયા રે મોહ્યાં
રાજપાટ એના એણે ખોયા રાજ રાજિયા
મેલી દે નીચો મારો છેડલો હો જી
છોડી દે હેઠો મારો છેડલો હો જી રે

સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી
રાજપાટ તો નથી રે ' વા મારે કુબો
એનું કરીશું માન સુબો રાજ રાજિયા
મેલી દે નીચો મારો છેડલો હો જી
છોડી દે હેઠો મારો છેડલો હો જી રે
સોનલાનું બેડલું તારી રૂપાની ઈંઢોણી
સોનલાનું બેડલું મારી રૂપાની ઈંઢોણી

# તારા વિના શ્યામ મને એકલડું લાગે

તારા વિના શ્યામ મને એકલડું લાગે, રાસ રમવાને વહેલો આવજે,
તારા વિના શ્યામ મને એકલડું લાગે, રાસ રમવાને વહેલો આવજે...

શરદપૂનમની રાતડી, હો હો... ચાંદની ખીલી છે ભલીભાતની;
તું ન આવે તો શ્યામ, રાસ જામે ન શ્યામ,
રાસ રમવાને વહેલો આવ... આવ... આવ શ્યામ
તારા વિના શ્યામ...

ગરબે ઘુમતી ગોપીઓ, હો હો... સુની છે ગોકુળની શેરીઓ;
સુની સુની શેરીઓમાં, ગોકુળની ગલીઓમાં,
રાસ રમવાને વહેલો આવ... આવ... આવ શ્યામ.
તારા વિના શ્યામ...

અંગ અંગ રંગ છે અનંગનો / આનંદનો, હો હો... રંગ કેમ જાય તારા સંગનો;
પાયલ ઝણકાર સુણી, રુદિયાનો નાદ સુણી,
રાસ રમવાને વહેલો આવ... આવ... આવ શ્યામ.
તારા વિના શ્યામ...